International Journal of Applied Research 2022; 8(1): 450-454



International Journal of Applied Research

**ISSN Print:** 2394-7500
**ISSN Online:** 2394-5869
**Impact Factor:** 8.4
IJAR 2022; 8(1): 450-454
www.allresearchjournal.com
Received: 25-11-2021
Accepted: 28-12-2021

**ડૉ. હિના મિસ્ત્રી**
પૂર્વ વિદ્યાર્થી, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સૂરત, ગુજરાત, ભારત

Corresponding Author:
**ડૉ. હિના મિસ્ત્રી**
પૂર્વ વિદ્યાર્થી, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સૂરત, ગુજરાત, ભારત

# શ્રી એસ. એલ. ભૈરપ્પા કૃત 'પર્વ' માં આલેખાયેલું દ્રૌપદીનું નૈતિક તેમજ મનોવૈજ્ઞાનિક પાસું

**ડૉ. હિના મિસ્ત્રી**

## પ્રસ્તાવના

કન્નડ સાહિત્યના વિખ્યાત નવલકથાકાર શ્રી એસ. એલ. ભૈરપ્પાએ હિંદુ ધર્મના મહાગ્રંથ અને ભારતીય સાહિત્યના મહાકાવ્ય 'મહાભારત'ની કથાને લઈને 'પર્વ' નામની એક ઉત્કૃષ્ટ કૃતિ સાહિત્ય જગતને આપી છે. 'પર્વ' મહાભારતના કોઈ પાત્ર વિશેષ પર આધારિત નવલકથા નથી. એ મહાભારતની કથાનું પુન:કથન કરતી બિન-પૌરાણિક ઉત્તમ આધુનિક સાહિત્યકૃતિ છે. મહાભારતનાં કેટલાંક મુખ્ય પાત્રોના દૃષ્ટિકોણથી આ કથાનું પુન:કથન થયું છે. એક સાહિત્યકૃતિ તરીકે 'પર્વ'ની વિશેષતા એ છે કે પૌરાણિક કથા પર આધારિત હોવા છતાં મૂળ કથાના ચમત્કારિક પ્રસંગો કે આધિભૌતિક તત્ત્વોથી આ કૃતિ સાવ અળગી રહી છે. એમાં જ એની આધુનિકતા અનુભવાય છે. અહીં મૂળકથા કે પાત્રોના કોઈ દિવ્ય કે ચમત્કારિક પ્રસંગો આલેખન પામ્યા નથી. મૂળ કન્નડ કૃતિ 'પર્વ' બંગાળી, હિન્દી, મરાઠી, તમિળ અને તેલુગુ જેવી મુખ્ય ભારતીય ભાષાઓમાં અને અંગ્રેજીમાં પણ અનૂદિત થઈ ચૂકી છે. તમિળમાં એ 'પુરુવમ' શીર્ષકથી પ્રકાશિત થઈ છે. એ સિવાય અન્ય ભાષાઓમાં તે મૂળ શીર્ષક 'પર્વ' નામે જ પ્રકાશિત થઈ છે. 'પર્વ'એ શ્રી ભૈરપ્પાની સૌથી વધુ પ્રખ્યાત અને ચર્ચાસ્પદ કૃતિઓમાંની એક છે. (એનો હિન્દી અનુવાદ શ્રી બી. આર. નારાયણે કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં એ હિન્દી અનુવાદનો આધાર લીધો છે.)

## લેખક પરિચય

૨૬મી જુલાઈ, ૧૯૩૪ના રોજ કર્ણાટકના હસન જિલ્લાના અંતરિયાળ ગામ સંતેશિવારામાં જન્મેલા શ્રી એસ. એલ. ભૈરપ્પા માત્ર કન્નડ સાહિત્યના જ નહિ, ભારતીય સાહિત્ય જગતના પ્રતિષ્ઠિત અને લોકપ્રિય સર્જક છે. પ્લેગને કારણે ખૂબ નાની વયે માતૃસુખથી વંચિત થઈ ગયેલા શ્રી ભૈરપ્પાએ પોતાના શિક્ષણ માટે વિચિત્ર કાર્યો કરવાં પડ્યાં. તેર વર્ષની વયે એમણે સ્વતંત્રતા ચળવળમાં સંનિષ્ઠ ભાગ લીધો હતો. ચન્નરયપટના તાલુકામાં પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને તેઓ મૈસૂર આવ્યા. માધ્યમિક શિક્ષણ અધૂરું છોડીને પિતરાઈ ભાઈની સલાહને અનુસરીને તેઓ કમાણી અર્થે મુંબઈ આવ્યા. અહીં એમણે રેલવે સ્ટેશન પર એક મજૂર તરીકે નોકરી કરી. મુંબઈના આ વસવાટ દરમ્યાન એ એક સાધુમંડળીને મળ્યા અને આધ્યાત્મિક સમાધાન માટે એ મંડળીમાં જોડાયા. એમની સાથે થોડા મહિના વીતાવ્યા બાદ પોતાનું બાકીનું શિક્ષણ પૂરું કરવા તેઓ મૈસૂર પાછા ફર્યા. દર્શનશાસ્ત્ર વિષય સાથે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ એમણે મૈસૂરમાં પૂર્ણ કર્યું. 'સત્ય અને સૌંદર્ય' વિષય પર અંગ્રેજીમાં મહાશોધ નિબંધ લખી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી એમણે પી એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ગુજરાતની સરદાર પટેલ યુનિવર્સિટીની હુબલી કૉલેજમાં તથા દિલ્હીની એન.સી.આર.ટી.માં તેઓ પ્રાધ્યાપક રહી ચૂક્યા છે.

૧૯૯૧માં મૈસૂરની પ્રાદેશિક શૈક્ષણિક કૉલેજના પ્રાધ્યાપક પદેથી નિવૃત્ત થયા બાદ પણ તેમનું સાહિત્ય સર્જન અવિરત પણે ચાલુ રહ્યું છે. હાલમાં તઓ પત્ની અને બે પુત્રો સહિત મૈસૂરમાં સ્થિત છે.સાહિત્યકાર તરીકે શ્રી ભૈરપ્પાની યાત્રા જોઈએ તો, સન્ ૧૯૬૧માં એમની પહેલી નવલકથા 'ધર્મશ્રી' પ્રકાશિત થઈ. ચાર દાયકાની સર્જનયાત્રામાં એમણે વીસ જેટલી નવલકથાઓનું સર્જન કર્યું, જે પૈકીની અઢાર નવલકથાઓ અન્ય ભાષાઓમાં અનુવાદ પામી છે! એમની 'ગૃહભંગ' અને 'દાતુ' નવલકથાઓ તો ભારતની ચૌદ માન્યતાપ્રાપ્ત ભાષાઓમાં અનૂદિત થઈ છે! પોતાની સર્જનયાત્રા દરમ્યાન આજ પર્યંત એમણે વીસ નવલકથાઓ, ચાર દાર્શનિક પુસ્તકો અને એક 'ભિત્તી' નામની આત્મકથા સાહિત્ય જગતને આપ્યા. શ્રી ભૈરપ્પાની ચાર નવલકથાઓ પરથી ફિલ્મો અને બે નવલકથાઓ પરથી ટીવી શ્રેણીઓનું નિર્માણ થયું છે. એક સાહિત્યકાર તરીકે શ્રી ભૈરપ્પાએ માત્ર સાહિત્યકારો જ નહિ, સાહિત્ય પ્રેમીઓના હૃદયમાં પણ વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે એ એમની નવલકથાઓની લોકપ્રિયતાના આધારે કહી શકાય. તેઓ છેલ્લાં પચ્ચીસ વર્ષથી કન્નડ સાહિત્યના, આઠ વર્ષથી મરાઠી સાહિત્યના અને પાંચ વર્ષથી હિન્દી સાહિત્યના 'બેસ્ટ સેલર' સર્જક છે. એમની લોકપ્રિયતાનું ઉત્તમ દૃષ્ટાંત 'આવરણ' નવલકથા છે. ફેબ્રુઆરી, ૨૦૦૭માં પ્રકાશિત થયેલી નવલકથા 'આવરણ'ની તમામ પ્રતો એના પ્રકાશન પહેલાં જ વેચાઈ ગઈ હતી. પ્રથમ પ્રકાશનના પાંચ મહિનાની અંદર દસ વાર પુનર્મુદ્રણ પામીને આ નવલકથાએ સાહિત્ય જગતમાં એક ઈતિહાસ સર્જ્યો છે. એક લોકપ્રિય અને પ્રખ્યાત નવલકથાકાર હોવાને લીધે અનેક પ્રકાશન સંસ્થાઓ શ્રી ભૈરપ્પાની કૃતિઓના પ્રકાશન હક્ક મેળવવા માટે એમને દબાણ પણ કરતી રહે છે. પરંતુ એમની પહેલી નવલકથા 'ધનશ્રી' થી લઈને અંતિમ નવલકથા 'આવરણ' સુધીની તમામ નવલકથાઓ બેંગ્લોરની 'સાહિત્ય ભંડારા' સંસ્થા દ્વારા જ પ્રકાશિત થઈ છે.

## નવલકથા પરિચય

શ્રી એસ. એલ. ભૈરપ્પા ના તમામ સાહિત્ય સર્જનો પૈકી 'પર્વ' એ એમની સૌથી વધુ પ્રશંસા પામેલી અને સૌથી વધુ ચર્ચાસ્પદ નવલકથા છે. શ્રી ભૈરપ્પા કૃત કન્નડ નવલકથા 'પર્વ' મૂળ મહાભારત કથા પર આધારિત ઉત્કૃષ્ટ આધુનિક કૃતિ છે. ૧૯૬૭માં તેમણે હિમાલયના ગઢવાલ જિલ્લાના એક નાનકડા ગામની મુલાકાત લીધી હતી, જ્યાં આજે પણ બહુપતિત્વની પ્રથા ચાલે છે! પાંચ વર્ષ(સન્ ૧૯૭૧થી ૧૯૭૫)ના ઊંડા સંશોધન અભ્યાસ બાદ એક વર્ષ અને બે મહિનાના સમયગાળામાં એમણે 'પર્વ' નવલકથાનું સર્જન કર્યું. માત્ર સાહિત્યિક અભ્યાસથી ન અટકતાં એમણે ઐતિહાસિક, ભૌગોલિક અને સામાજિક ભૂમિકાએ પણ મહાભારતનો અભ્યાસ કર્યો હતો. દ્વારિકા, કુરુક્ષેત્ર, હસ્તિનાપુર, મથુરા, વિરાટ નગર, દિલ્હી, અરવલ્લી પર્વતમાળા અને હિમાલયના પર્વતીય ક્ષેત્રોની મુલાકાત લીધા બાદ એમણે 'પર્વ'ની રચના કરી હતી. આ રીતે જોતાં, 'પર્વ' એક અભ્યાસ ગ્રંથ પણ બની રહે છે.

'પર્વ' મહાભારત કથાનું આધુનિક સંદર્ભમાં પુન:કથન છે. પરંતુ મૂળ કથાના પ્રસંગો અને પાત્રો અહીં કોઈ પણ જાતના ચમત્કારિક કે દિવ્ય પ્રસંગો સાથે આલેખન પામ્યા નથી. મહાભારતના કેટલાક મહત્ત્વના પાત્રોના આત્મવૃત્તાંત કે આત્મચિંતનના સ્વરૂપે એક વિશિષ્ટ શૈલીથી મહાભારત કથા અહીં રજૂઆત પામી છે. મહાભારતના યુદ્ધની પૂર્વતૈયારીની ભૂમિકાએ શરૂ થયેલી નવલકથા યુદ્ધ અને અશ્વમેધ યજ્ઞની તૈયારી સાથે પૂર્ણ થાય છે. છસો સોળ જેટલા પૃષ્ઠોમાં વિસ્તરેલી આ દળદાર કૃતિમાં મહાભારત કાલીન ભારતીય મૂલ્યો, પરંપરાઓ, ધર્મ, નીતિ, ઈતિહાસ, રાજનીતિ જેવા વિષયો મુખ્ય પાત્રોના દૃષ્ટિકોણથી રજૂ થયા છે. શલ્ય, ભીષ્મ, કર્ણ, દ્રોણ, સાત્યકિ, ભીમ, કુંતી, દ્રૌપદી, અર્જુન વગેરે પાત્રો પોતપોતાની રીતે ધર્મ, નીતિ, પરંપરાને મૂલવે છે. પ્રસ્તુત નવલકથામાં લેખક ભારતીય સામાજિક વ્યવસ્થા, મૂલ્યો અને મરણાધીનતાના રહસ્યોને મહાભારતના નોંધપાત્ર સમયગાળાના સંદર્ભમાં આલેખે છે. 'પર્વ' દ્વારા શ્રી ભૈરપ્પાએ સમાજશાસ્ત્ર અને માનવવંશશાસ્ત્રને અનુલક્ષીને નવા શબ્દોમાં મહાભારત કથાનું નવસર્જન કર્યું છે. ટૂંકમાં કહીએ તો, 'પર્વ' યુદ્ધ, શાંતિ, પ્રેમ, મૃત્યુ, પ્રભુ અને મનુષ્યની કથા છે.

## પર્વ'માં આલેખિત દ્રૌપદીનું નૈતિક પાસું

'પર્વ' નવલકથાની વિશેષતા એ છે કે એમાં દરેક પાત્રો પોતાનો આત્મવૃત્તાંત તો કહે જ છે, પણ સાથે સાથે ધર્મ, નીતિ, પરંપરા વિશેના પોતાના ખ્યાલો પણ રજૂ કરે છે. એ વિશેના પોતાના દૃષ્ટિકોણથી તે અન્ય પરિસ્થિતિ અને પાત્રને મૂલવે છે. આથી સ્વાભાવિક રીતે જ, પાંચ પતિઓને વરેલી દ્રૌપદીના પાત્રના નૈતિક પાસા વિશે અહીં સુંદર ચર્ચા પ્રાપ્ત થાય છે. બહુપતિત્વ એ સમયમાં કોઈ નવી પ્રથા નહોતી; પરંતુ એ પ્રથા અનાર્યોમાં પ્રચલિત હતી. આથી આર્ય રાજાઓ એને નિમ્ન કે અધાર્મિક પ્રથા માનતા. છતાં, હિમાલયની તળેટીમાં વસતી દેવ જાતિમાં આ જ પ્રથાનું પાલન થતું હતું. પાંડવો એ જ દેવજાતિના સંતાનો હતા. આથી, બહુપતિત્વ એમને મન સ્વાભાવિક અને ધાર્મિક પ્રથા જ હતી. દ્રૌપદી આર્યકન્યા હોવાથી આ બાબતે એની નિંદા ન થાય એ હેતુથી રાજા દ્રુપદ પાંડવો સાથે કેટલીક શરતો કરે છે. વળી, કુંતી પણ દ્રૌપદી સાથેના પાંચેય પાંડવોના સહજીવનના નિયમો નિશ્ચિત કરે છે. નીતિની જાળવણીના હેતુથી જ કુંતી દ્રૌપદીને પાંચેય પતિઓ સાથેના વ્યવહાર અને પત્ની ધર્મ વિશે સમજાવતાં કહે છે, "દીકરી, તું પાંચેયને સમાન રૂપે મળી. હવે, હું તને પત્નીનો એક પરમ ધર્મ જણાવું છું. તું જાણે જ છે કે પતિના અભ્યુદયને અનુકૂળ થઈ ચાલવું એ આર્ય સ્ત્રીનો એકમાત્ર ધર્મ છે. તારા પાંચેય પતિઓ એક થઈ રહે તો આપણે રાજ્ય ફરી જીતી શકીશું. આપણી રક્ષા પણ કરી શકીશું. જો કોઈ પણ કારણવશ એમની એકતામાં તિરાડ પડશે તો જેમ

એક તિરાડથી મહેલનો ધ્વંસ થઇ જાય છે તેમ આ પાંચેયનો નાશ થઇ જશે. પરસ્પર ક્યારેય ન ઝગડતા ભાઇઓ તારા રૂપ પર મોહીને અંદરોઅંદર ઝગડવા લાગ્યા હતા. હવે, ફરીથી હંમેશાંની જેમ ભાઇઓમાં પ્રેમ છે. તારો પ્રેમ કોઇ એક પ્રત્યે વધારે છે એવો ભાવ જો કોઇના મનમાં ઊઠ્યો તો ફરીથી તિરાડ ઉત્પન્ન થઇ શકે છે. આથી, તારે મન, કર્મ અને વચનથી બધામાં સમાન પ્રેમ દર્શાવવો પડશે. આ જ તારું વ્રત હોવું જોઇએ."[૧] સાસુ દ્વારા બતાવેલ પતિવ્રત ધર્મ અને સહજીવનના નિયમોને તે પૂરેપૂરી નિષ્ઠાથી પાળે છે. અર્જુનની રસિક વાતો એનું મન મોહી લે છે. છતાં, અર્જુનને જે પ્રેમ એ સહજતાથી આપે છે, એ જ પ્રેમ નિશ્ચયપૂર્વક, પ્રયત્ન કરીને એ અન્ય પતિઓને પણ આપે છે. દ્રૌપદી કહે છે, "કોઇ એક સાથે વધારે પ્રેમની વાતો કરી નહિ. જે રીતે મેં મારી જાતને જ્યેષ્ઠ ધર્મને સમર્પિત કરી એ જ પ્રકારે નાના નકુળ-સહદેવને પણ સમર્પિત કરી. પણ મન અર્જુન સિવાય બીજા કોને આપવું શક્ય હતું? અર્જુનના વારાની રાત્રે હું આ લોકની હોઉં એવું લાગતું જ નહોતું. છતાં, કૃષ્ણાએ બીજાઓ સાથે દગો નહિ કર્યો. વગર પ્રયત્ને સહજ ઉલ્લાસથી અર્જુનને વધારે સમર્પિત થઇ હોઇશ. પરંતુ બીજા પતિઓને પ્રયત્નપૂર્વક જ દૃઢનિશ્ચયથી બોલાવીને ઉત્સાહથી એ ધ્યાન રાખ્યું કે એમના પ્રત્યે ભેદભાવ નહિ રહે."[૨]

દ્રૌપદી કહે છે, "પાંચેય પાંડવોને હાથની પાંચ આંગળીઓની જેમ બાંધીને રાખવું એ જ કૃષ્ણાની નિષ્ઠા હતી. આ નિષ્ઠાને જાળવી રાખવામાં જ આજ સુધી હું જીતી છું."[૩] પતિઓ સાથે સહજીવનના રોજના ક્રમને નિભાવવામાં શારીરિક મુશ્કેલી આવતાં પાંચ પુત્રોની માતા બન્યા પછી દ્રૌપદી સાસુને પોતાની મૂંઝવણ કહે છે. કુંતી ફરી સહજીવનના નિયમને બદલે છે. અને પ્રત્યેક પતિનો વારો એક એક વર્ષનો કરી આપે છે. એ અનુસાર એ બીજા પતિઓ સાથે વાત કરી શકે છે; સહશયન નહિ. પહેલું વર્ષ યુધિષ્ઠિર સાથેનું હોય છે. યુધિષ્ઠિર જેવા નીરસ વ્યક્તિની સાથે સહજીવન ગાળતી દ્રૌપદીનું મન અર્જુનમાં ખોવાયેલું રહે છે. એ મનોમન અર્જુનને આલિંગે છે, એની પ્રેમભરેલી વાતોને યાદ કરે છે. છતાં, આ વર્ષમાં અર્જુન જ્યારે પોતાનો પતિ તરીકેનો હક્ક સિદ્ધ કરવા આવે છે ત્યારે દ્રૌપદી એને નકારી દે છે. પહેલીવાર અર્જુનને નકારી ન શકતાં અપરાધભાવ અનુભવતી દ્રૌપદી બીજી વાર અર્જુનની ઉપેક્ષા કરીને એના હાથનો તમાચો પણ ખાઇ લે છે; પરંતુ પોતાની નિષ્ઠામાંથી ચ્યુત થતી નથી. એના પર અધિકાર જમાવવા આવેલા અર્જુનને એ સ્પષ્ટ છતાં કોમળ શબ્દોમાં કહે છે, "અર્જુન, તમારે તમારા ભાઇઓ વિશે આવી વાત નહિ કરવી જોઇએ. બાકી ચારને જે વિશેષ અધિકાર નથી એની ઇચ્છા તમારે પણ નહિ કરવી જોઇએ. તમારી એકતા જાળવી રાખવા માટે મેં તમારી માતાને વચન આપીને વ્રત લીધું છે. એ જ રીતે પત્ની બનીને હું જીવું છું. જો હું પત્નીરૂપે મારા વચનનું પાલન બરાબર કરી રહી હોઉં, ત્યારે 'એકલા મેં જ તને જીતી છે' - એવું કહીને એકતાને તોડનારી અહંકારની વાત ભાઇ થઇને તમારા મનમાં કઇ રીતે આવી?"[૪] બબ્બેવાર પોતાના પ્રિય પુરુષને નકારીને ને એનો ક્રોધ સહીને પણ દ્રૌપદી પોતાની નિષ્ઠા અને પત્નીધર્મ જાળવી રાખે છે. આ બાબત દર્શાવીને લેખકે એના નૈતિક પાસાને સ્પષ્ટ કર્યું છે.

### મનોવૈજ્ઞાનિક પાસું

દ્રૌપદી વિચારશીલ છે. એના જીવનની કેટલીક વિલક્ષણ પરિસ્થિતિઓને કારણે અનેક માનસિક સમસ્યાઓ કે મૂંઝવણો ઉત્પન્ન થાય એ ખૂબ સ્વાભાવિક છે. 'પર્વ'માં પોતાનો આત્મવૃત્તાંત કહેતી દ્રૌપદી એના જીવન, કુટુંબ, સમાજ, ધર્મ વિશે તો વાત કરે જ છે. સાથે જ પોતાના જીવનની કેટલીક પરિસ્થિતિઓ સંદર્ભે સર્જાયેલો એનો ચિત્તસંઘર્ષ પણ વ્યક્ત કરે છે. તત્કાલીન સમાજની કેટલીક પ્રથાઓ વિશેનો એનો દૃષ્ટિકોણ અને આક્રોશ પણ અહીં લેખકે સુંદર રીતે વર્ણવ્યો છે. સ્વયંવર બાદ પાંચેય ભાઇઓ દ્રૌપદીથી આકર્ષાઇને પોતપોતાનો હક્ક જમાવવા તૈયાર થઇ જાય છે. અર્જુન અને ભીમ તો યુદ્ધ કરવા તૈયાર થાય છે. માતા કુંતી સૌ પુત્રોને ખંડમાં ભેગા કરી દ્વાર બંધ કરી દે છે ત્યારની દ્રૌપદીની મન:સ્થિતિ લેખકે ખૂબ સુંદર રીતે વર્ણવી છે. દ્રૌપદી કહે છે, "મારી ધમનીઓમાં વહેતું લોહી જાણે અચાનક થીજી ગયું હોય એવું લાગ્યું. એમની માતાના શ્વાસો પણ અંધારામાં લુપ્ત જેવી થઇ ગઇ. માત્ર અંધકાર હતો. અસ્પષ્ટ આકૃતિઓ દેખાતી હતી. એમની માતાએ પોતાનો હાથ પાછળ હટાવી લીધો. એ ક્ષણે મેં મારી જાતને સૌથી એકલી અનુભવી. એ મૌન મારી શક્તિની પહોંચ બહારનું હતું. કોઇનો પણ સાથ ન હોવાની એકલતા. પાંચેય તરફથી ઘેરાયેલા આકાશમાં સ્થિર ઊભેલા પતંગના જેવી એકલતા."[૫]

દ્રૌપદીની સૌથી પહેલી મોટી સમસ્યા છે પાંચ પતિની પત્ની હોવું. જો કે, આ વિષમ પરિસ્થિતિ પહેલા તો એ સ્વેચ્છાએ સ્વીકારે છે. પાંચ પાંચ વીર્યવાન પતિની સાથેના સુખદ જીવનની કલ્પના પણ કરી લે છે. પરંતુ જ્યારે વાસ્તવિક જીવન જીવવાનું થાય છે, ત્યારે એને સમજાય છે કે આ પરિસ્થિતિ અને એ સંદર્ભે એની ભૂમિકા કેટલી કપરી છે. પહેલી જ રાત્રે ભીમ એને બાળકની જેમ ઊંચકીને છત પર લઇ જઇને જોરથી ભીંસી દે છે. ત્યારે દ્રૌપદી ચીસ પાડી ઊઠે છે. દ્રૌપદી કહે છે, "મારો તો જીવ જ તાળવે ચોંટી ગયો હતો. એમણે શું મને રમકડું સમજી હતી?"[૬] પહેલી જ રાત્રે ભીમ દ્રૌપદીની તુલના એની પ્રથમ પત્ની સાલકટંકટીની સાથે કરે છે. દ્રૌપદી કહે છે, "બહુ જંગલી છે એ. સ્ત્રીના મનના સૂક્ષ્મ ભાવને સાચવવાની બુદ્ધિ એમનામાં ક્યારેય નહિ આવી. વિવાહની શરૂઆતમાં ખબર નહિ કેટલાંય દિવસો સુધી સાલકટંકટીનું નામ લેતા રહેતા. આમ જ, વાત વાતમાં એની સાથે તુલના કર્યા કરતા. તુલના પણ માત્ર શારીરિક શક્તિની. આ પહેલવાનને મન સ્ત્રીમાં માત્ર

શક્તિની જ જરૂરિયાત હતી કે માત્ર શારીરિક સુડોળતાની. પરંતુ એના મનમાં મારે માટે એક અનિર્વચીય આકર્ષણ હતું અને પત્ની સાથે કેવી વાત ન કરવી જોઈએ એ ન સમજાય એવું ભોળપણ."૭ પાંચ પતિઓની દૈહિક જરૂરિયાતો પૂરી કરતાં કરતાં દ્રૌપદી સાવ ક્ષીણ થઈ જાય છે. પાંચ પતિઓનો આવેગ અને પાંચ પુત્રોના જન્મ બાદ એ વિચારે છે, "પાંચ પતિઓને સંભાળવાની શક્તિ એક સ્ત્રીમાં નથી હોતી. સાસુજીએ કહેલી વાત ખોટી છે. પુરુષ ઋતુસ્રાવ વિના, ગર્ભ, પ્રસૂતિ, સ્તનપાનના રૂપે બાળકોને શક્તિ પ્રદાન કરવી આ બધી બાબતોથી મુક્ત રહે છે. મહિનામાં ત્રીસે ત્રીસ દિવસ તૈયાર રહેતા એક જ પુરુષને એક સ્ત્રી નથી સંભાળી શકતી. તો પાંચ પાંચને કઈ રીતે સંભાળી શકે? સાસુજીએ મને જુઠ્ઠું કહ્યું હતું. એમણે મુજ અઢાર વર્ષની તરુણીમાં અજાણ્યો ઉત્સાહ જન્માવ્યો હતો. એમને તો પોતાના પુત્રોની એકતા અને એમની પ્રગતિથી મતલબ હતો. 'સ્ત્રીની ઈચ્છા પાંચ પતિઓની શક્તિ સમાન હોય છે' એવું એમના વિચારવા પાછળનું કારણ ક્યાંક એ તો નથી કે એમણે પોતે અખંડ દાંપત્યસુખના અભાવમાં જીવન વિતાવ્યું હતું."૮ દ્રૌપદીના પિતાએ વિવાહ પહેલા પાંડવો સાથે કરેલી શરતને અર્જુન તોડે છે. ક્ષત્રિયોમાં પ્રવર્તતી જાત - જાતની પ્રથાઓ અને ધર્મ વિશે દ્રૌપદી કહે છે, "ખબર નહિ આવી વીરતાભરી શરતોવાળા વિવાહ કેમ કરતાં હશે? શક્તિશાળી જીતે છે. જીત્યા બાદ જે રીતે ઈચ્છે એમ ઉપભોગ કરે છે. વહેંચી લે છે. જ્યારે ઈચ્છા નહિ રહે ત્યારે ફેંકી દે છે. ખબર નહિ કોણે આ ક્ષત્રિય પદ્ધતિનો આરંભ કર્યો હશે."૯

નાનપણથી જ પિતાના મુખેથી કુરુઓની કથા સાંભળતી આવેલી દ્રૌપદીએ અનેકવાર પિતાના મોઢે અર્જુનની વીરતાની પ્રશંસા સાંભળી હતી. એ રીતે એમની વીરતા પર પહેલેથી જ મુગ્ધ બનેલી દ્રૌપદી વિવાહ બાદ ત્રીજી રાત્રે અર્જુન સાથેના મિલન સમયે એમની મીઠી પ્રેમભરી વાતોથી અને પ્રણયનિવેદનોથી વિમોહિત થઈ જાય છે. અર્જુનના સુંદર રૂપ, આકર્ષક યૌવન અને રસસભર પ્રેમાલાપ સામે દ્રૌપદી સ્વયંને હારી જાય છે. એની નિષ્ઠા માત્ર અર્જુન પર જ સ્થિર થઈ જાય છે. પ્રત્યેક રાત્રે એ અર્જુનને જ ઝંખે છે. માતા કુંતીએ એને દરેક પતિ સાથે મન, કર્મ અને વચનથી સમાન ભાવે વ્યવહાર કરવાનું સૂચવ્યું હતું. એને બાકી બધી રીતે દ્રૌપદી નિભાવે છે. બસ, એનું મન અર્જુનમાં જ રત રહે છે. એ કહે છે, "મેં અર્જુનને સર્વસ્વ સમર્પિત કર્યું હતું. પણ એને ક્યારેય કહ્યું નહોતું. ચાર રાત પછી એને મળતાં જ સમગ્ર રાત મારું શરીર, હાથ, બાહુ, મુખ, આંખો મૌન રહીને પણ બધું જ કહી દેતા હતા."૧૦ પરંતુ અન્ય ચાર પતિઓની દૈહિક જરૂરિયાતો પૂરી કરતાં થાકી ગયેલી દ્રૌપદીની સરળતા માટે માતા કુંતી સહજીવનનો એક એક વર્ષનો વારો કરી દે છે ત્યારે એ અનુભવે છે, "નવા ક્રમે શરીરને તો આરામ આપ્યો, પણ હૃદયે કેટલી તકલીફો ભોગવવી પડી. કૃષ્ણાના મનની વાત સાસુ કઈ રીતે સમજી શકે?...હું બીજા પતિઓ સાથે વાત કરી શકતી, પણ શયન નહિ. જેવો વારો હોય એનો જ સહવાસ કરી શકતી. પણ મન તો અર્જુન પર જ ચોંટી રહેતું. એના આલિંગનની કલ્પના કરતી, એની સ્નેહભરી વાતો યાદ કરતી, ખોવાયેલી રહેતી. આ કેવો ક્રમ કે હવે બે વર્ષ સુધી અર્જુનનો સ્પર્શ પણ નહિ કરવાનો? અને એના પછી ચાર વર્ષ પછી ફરી મળશે."૧૧ નવા નિયમને કારણે એના મનમાં પ્રેમ અને નિષ્ઠાની બાબતે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. એ જ નિયમને કારણે અર્જુન એને છોડીને જતો રહે છે અને વર્ષો બાદ પોતાના માટે એક અલગ પત્નીને લઈને પાછો ફરે છે. એ સમયથી દ્રૌપદીના મનમાં અર્જુન માટે ધિક્કારની લાગણી થઈ જાય છે. એ મનોમન અર્જુનને કહે છે, "અર્જુન તું ઘમંડી છે. તારે માટે સ્ત્રી તારા અહંકારનું આવરણ છે. પણ આ પાંચાલી માત્ર તારું એકલાનું આવરણ ન બની શકી. અર્જુન, વ્રતમાં તું હારી ગયો. જ્યારે તું કામાતુર હતો ત્યારે મેં તને મારી નજીક આવવા ન દીધો. માત્ર આ જ કારણે તું પાંચાલીના હૃદયને કચડીને ચાલ્યો ગયો. પરંતુ સમગ્ર આર્યાવર્તના મહાન ધનુર્ધર હોવા છતાં, સુભદ્રાને લાવ્યા બાદ તું મારી સાથે નજર મેળવી શકવાની હિંમત ગુમાવી બેઠો."૧૨ દ્રૌપદી અનુભવે છે કે પ્રૌઢત્વ સુધી પહોંચતા પહેલાં સ્ત્રીને ખ્યાલ જ નથી આવતો કે કેવી વ્યક્તિ સાથે પ્રેમ કરવો જોઈએ. યુદ્ધ પહેલા ઉપપ્લાવ્ય નગરમાં પાંડવો માટે તૈયાર કરાયેલા આવાસમાં બેઠી બેઠી દ્રૌપદી પોતાના જીવન પ્રસંગો યાદ કરે છે. સ્વયંવર, લગ્ન, પાંચ પતિ સાથેનું સહજીવન, અર્જુનનો દગો, દ્યૂતપ્રસંગે વડીલોનું મૌન, પોતાના અપમાન સમયે ભીમ સિવાય અન્ય પતિઓનું મૌન, પિસ્તાળીસ વર્ષે પણ જયદ્રથ અને કીચક જેવા કામાંધ પુરુષોની કુદૃષ્ટિથી ઉદ્ભવતી ઘૃણા આ તમામ પ્રસંગો વખતે અનુભવાયેલી વેદના કોઈક ને કહેવાની એને તીવ્ર ઈચ્છા થાય છે. પરંતુ જેને કહી શકાય એવી કોઈ વ્યક્તિ જ એની પાસે નથી એ પણ એની એક પીડા છે. પાંચ પુત્રોની માતા દ્રૌપદી વિચારે છે, "કોને કહું આ બધી વાતો? દીકરાઓને કહી ન શકું. દીકરીઓ જન્મી નહિ. પાંચ પુત્રો બાદ સંતાનોત્પત્તિનો ક્રમ બંધ થઈ ગયો. પ્રતિ રાતનો વારો બદલીને પ્રતિવર્ષનો વારો થતાં જ બાળકો થતાં અટકી ગયા. દીકરીઓ કેવી રીતે જન્મે? કઈ રીતે કહું કે આ પાંડવોના કુળની એકતા જાળવવા માટે મેં કેટકેટલાં કષ્ટ ઉઠાવ્યાં છે?"૧૩ આ જ પાંચ પુત્રોના મૃત્યુ પર રડતી દ્રૌપદી ફરી સ્વયંને એકાકી અનુભવે છે. પાંચ પતિઓની પત્ની દ્રૌપદી પોતાના પાંચ પાંચ યુવાન પુત્રોના મૃત્યુ પર એકલી જ રડે છે. એનો એક પણ પતિ એકેય આંસુ સારતો નથી. એટલું જ નહિ, પોતાના પુત્રોની માતા દ્રૌપદીને એકેય પાંડવ સાંત્વના આપવા પણ આવતો નથી. એ સમયે દ્રૌપદી કહે છે, "નીચ અશ્વત્થામાએ મને પુત્રશોક આપીને મોટું સત્ય જણાવી દીધું."૧૪ આ સત્ય એટલે એની એકલતા. આ એક

પ્રસંગમાં દ્રૌપદીના સમગ્ર જીવનની પીડા લેખકે અસરકારક રીતે શબ્દાંકિત કરી છે.

વિવિધ પ્રસંગો વિશે ફરી એકવાર આત્મચિંતન કરતી દ્રૌપદીનું મનોગત 'પર્વ'માં સુપેરે વર્ણવાયું છે. પરિસ્થિતિ વશ માણસ અને માણસનું મન બદલાતું રહે એ ખૂબ સ્વાભાવિક છે. આથી જ પલટાતી પરિસ્થિતિના સંદર્ભે બદલાતાં દ્રૌપદીના મનોભાવો વધુ વાસ્તવિક લાગે છે.

## ઉપસંહાર

મૂળ મહાભારતનું જ આધુનિક સંદર્ભે પુન:કથન કરતી નવલકથા 'પર્વની વિશેષતા જ એ છે કે અહીં જુદાં જુદાં પાત્રો પોતપોતાના સંદર્ભે તત્કાલીન પરંપરા, ધર્મ, નીતિ વિશે અહીં ચર્ચા કરે છે. દરેક પાત્ર પોતાની કથા અને મહાભારતના મુખ્ય પ્રસંગો સંદર્ભે પોતાનું મનોગત અને અભિપ્રાય વર્ણવે છે. અહીં વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે **દરેક** પાત્રો અહીં પોતાના આત્મવૃત્તાંત કહેવા કરતાંયે વિશેષ આત્મચિંતન વધુ કરે છે. અને કદાચ એટલે જ દ્રૌપદી જેવું સંકુલ પાત્ર પોતાની કથા કહે છે ત્યારે એનું મનોવૈજ્ઞાનિક અને નૈતિક પાસું આપણને સુપેરે જોવા મળે છે. લાવણ્યવતી દ્રૌપદી તેજસ્વી અને વિચારશીલ છે. પોતાના કામ્ય પુરુષ અર્જુનને પણ નકારી દેતી અને એ માટે અર્જુનના માર અને એના ગુસ્સાને સહન કરતી દ્રૌપદીની નૈતિકતા માટે આપણને સ્વાભાવિકપણે માન થાય છે. પાંચ મહાન અને બળવાન પુરુષોની પત્ની હોવા છતાં એક જ રાત્રિમાં પાંચ પુત્રોને ગુમાવી દેતી અને એકેય પતિના આશ્વાસનને ન પામતી દ્રૌપદીની પીડા અને સંતાપ આપણને હચમચાવી મૂકે છે. સમર્થ પિતા, બળવાન ભાઈ, આર્યાવર્તના શ્રેષ્ઠ અને પૌરુષસભર પાંચ પતિઓ અને પાંચ પરાક્રમી પુત્રોની માતા હોવા છતાં ભીતરથી અનુભવાતી એની એકલતાને બહુ સૂક્ષ્મ અને માર્મિક રીતે શ્રી ભૈરપ્પાએ ચિત્રિત કરી છે.

## સંદર્ભ


1. भैरप्पा डॉ. एस. एल. **'पर्व',** हिन्दी अनुवाद - बी. आर. नारायण अमर सत्य प्रकाशन, दिल्ली, पेपरबैक संस्करण : २००७ पृ: पृ: १५३
2. એજન - પૃ. ૧૫૩
3. એજન - પૃ. ૧૪૫
4. એજન - પૃ. ૧૫૫
5. એજન - પૃ. ૧૪૮
6. એજન - પૃ. ૧૪૦
7. એજન - પૃ. ૧૪૧
8. એજન - પૃ. ૧૫૪
9. એજન - પૃ. ૧૫૧
10. એજન - પૃ. ૧૭૬
11. એજન - પૃ. ૧૫૫
12. એજન -પૃ. ૧૫૬
13. એજન -પૃ. ૧૫૬
14. એજન -પૃ. ૫૯૩